GOVERNMENT ARTS AND COMMERCE COLLEGE, AHWA
Affiliated to Veer Narmad South Gujarat University, Surat
(Year of Establishment 1983)
Email: gaccahwa@gmail.com, Phone No. 02631-220265
Web.: https://gaccahwa.gujgov.edu.in

# આહવા કોલેજમાં વિકાસ સપ્તાહની ઉજવણી

ઉચ્ચ શિક્ષણ કમીશ્નરશ્રીના પરિપત્ર મુજબ નવયુવાનો સરકારના વિકાસ કાર્યક્રમથી વાકેફ થાય તે માટે નિયત રૂપરેખા મુજબ વિકાસ સપ્તાહની તા. ૦૭ ઓકટોબર થી ૧૫ ઓકટોબર ૨૦૨૪ દરમિયાન સમયાંતરે ઉજવણી કરવામાં આવી.

આ સપ્તાહ ની ઉજવણી માં તા. ૧૫ ઓકટોબર ના રોજ SSIP સમિતિ અંતર્ગત "Startup Talk" નું આયોજન કરવામાં આવ્યું જેમાં મુખ્ય વક્તા તરીકે શ્રી સયાજીભાઈ જાનુભાઈ ઠાકરે જે ડાંગમાં ભગતવૈદ્ય તરીકે સેવા આપે છે તેઓ ઉપસ્થિત હતા. તેમણે વિદ્યાથીઓને ડાંગમાં કાર્યરત ભગત વૈદ્ય ના કાર્યો અને સેવા વિશે જાણકારી આપી. તેમણે જણાવ્યું કે વિદ્યાર્થીઓએ શ્રદ્ધા થી નવું સંશોધન કરશે તો પ્રગતિ થતી રહેશે. તેમણે ડાંગના ગરીબ લોકોને વૈદ્ય ભગત મંડળી નું મહત્વ સમજાવ્યું તેમજ આયુર્વેદિક ક્ષેત્રમાં નવું સંશોધન કરવા પ્રોત્સાહન આપ્યું. તેમણે ડાંગમાં ૧૭૦ ભગત મંડળી કાર્યરત છે તે જણાવ્યું અને ડાંગમાં એક આયુર્વેદિક યુનિવર્સિટી સરકારશ્રી દ્વારા સ્થાપન કરવાની માંગ કરી. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્યશ્રી ડૉ. ઉત્તમભાઈ ગાંગુર્ડે સાહેબે વિદ્યાર્થીઓને તેમનામાં રહેલ શારીરિક અને માનસિક કુશળતાનો વિકાસ થાય તે હેતુ સર માર્ગદર્શન પૂરું પાડ્યું હતુ. તેમજ વિદ્યાર્થી નવયુવાનો અને યુવતીઓ કોલેજના નામથી સંગઠન બનાવીને સાહસિકતાનો પ્રયાસ કરે એવું આહવાન કર્યું હતુ. તેમને ડાંગની ભૂમિમાં સ્ટાર્ટઅપ અને ઇનોવેશન માટેની ક્ષમતા અને પ્રતિભા વારસા માં જ મળેલી છે તે પ્રાકૃતિક ખેતીના વિવિધ દાખલાઓ સહિત સમજાવ્યું. વિદ્યાર્થીઓને જે પણ નાની મોટી નોકરી અથવા વ્યવસાય મળે તે સ્વીકારીને આગળ વધવાનું ઉદ્બોધન કર્યું હતુ. પ્રા. આશુતોષ કરેવારે કોલેજની SSIP સમિતિ વિષે અને સરકારની યોજના ટૂંકમાં માહિતી આપી. પ્રા. વિનોદ ગવળી સાહેબે કાર્યક્રમના અંતે આભારવિધિ કરું.